Comm C S NO.1/20225

GJMR040000022025

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૧/૦૧/૨૫ |
| રજી.તારીખ | ૦૧/૦૧/૨૫ |
| ફેસલ તારીખ | ૩૦ /૦૪/૨૬ |
| સમયગાળો | વર્ષ ૦૧, માસ ૦૩, દિવસ ૨૯ |

**મે.વાંકાનેરના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટ,મુ.વાંકાનેર,જી.મોરબી.**

**કો.સીવીલ કેશ નં.૧/૨૫**

**આંક:..............**

**વાદી:–**

ગોકુલ સ્નેકસ પ્રા.લી.ના
ઓથોરાઇઝ સીગ્નેટરી દરજજે
પ્રતિક ચંદુભાઇ સોજીત્રા
ઉ.વ.૩૩,ધંધો.નોકરી,
રહે.સર્વે નં.૪૧/૩,કંડલા ઓવરબ્રીજ નજીક,
નેશનલ હાઈવે–૨૭,ભાલગામ,
તા.વાંકાનેર,જી.મોરબી.

**વિરુધ્ધ**

**પ્રતિવાદી:–**

વાસુદેવ રધુભાઇ મઢવી
તે ચામુંડા સેલ્સ ના પ્રોપારાઈટર,
ઠે.માન સરોવર વિસ્તાર,ભચાઉ,
તા.ભચાઉ,જી.કચ્છ.

**દાવો:– રૂા.૪,૦૭,૮૪૬/– વસુલ મળવા અંગેનો ...**

-------------------------------------------------------------------

વાદી તર્ફે વિ.વ.શ્રી :–જી.જી.ઠાકર
પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી :–ઝેડ.એ.કાઝી

-------------------------------------------------------------------

**–:જજમેન્ટ:–**

૧) વાદીના દાવાની ટુકમાં હકીકત એવી છે કે,વાદી કંપની ગોકુલ સ્નેક્સ પ્રા.લી. ઠે. સર્વે નં.૪૧/૩, કંડલા ઓવરબ્રીજ નજીક, ઈન્ડીયન ઓઈલ પેટ્રોલ પંપ પાછળ, નેશનલ હાઈવે–૨૭, ભાલગામ, તા.વાંકાનેર, જી.મોરબી ખાતે આવેલ છે.જે કંપની એકટ નીચે નોંધાયેલ છે.વાદી કંપનીએ હાલનો દાવો દાખલ કરવા તેમજ દાવાને લગતી તમામ કાર્યવાહી કરવા અંગે કંપની દ્વારા બોર્ડ રીઝોલ્યુશન પાસ કરી તમામ સતાઓ આપેલ હોવાનુ જણાવેલ છે.વાદી કંપની

ફ્રાઈમ્સ અને નમકીન બનાવી વેચવાનો વ્યવસાય કરતા હોવાનુ તથા આ કામના પ્રતિવાદીએ વાદી કંપની પાસેથી ડીલરશીપ મેળવેલ ત્યાર થી અલગ અલગ પ્રકારના નમકીન ખરીદતા હોવાનુ અને ડીલરશીપ એગ્રીમેન્ટની ઝેરોક્ષ નકલ દસ્તાવેજી પુરાવા લીસ્ટ થી આ સાથે રજુ રાખેલ હોવાનુ જણાવેલ છે.વાદી કંપની તથા આ કામના પ્રતિવાદી વચ્ચે વ્યાપારીક સંબંધો બંધાયેલ હોય આ કામના પ્રતિવાદી ચામુંડા સેલ્સ ના પ્રોપરાઈટર છે અને દાવા અરજી માં ઉપરોકત જણાવેલ સરનામે ધંધો કરે છે.વાદી કંપની પાસેથી આ કામના પ્રતિવાદીએ ડીલરશીપ મેળવેલ હતી અને ત્યારે વાદી કંપનીને પ્રતિવાદી દ્વારા એવું પાકુ વચન અને વિશ્વાસ આપેલ હતો કે, 'હું દર મહીને રૂા.૪૩,૦૦,૦૦૦/– નું સેલ્સ કરીશ અને તે રકમ ઉપર તમે મને કમિશનની રકમ ચુકવશો.' જેથી પ્રતિવાદીના વચન અને વિશ્વાસ થી પ્રેરાઈ જઈને વાદી કંપનીએ પ્રતિવાદીને રકમ રૂા.૪૩,૦૦,૦૦૦/– ની રકમ ઉપર એડવાન્સ કમિશન ચુકવેલ હતું પરંતુ ત્યારબાદ પ્રતિવાદીનો કોઈ અંતિમ ઈરાદો બર લાવવા વાસ્તે પ્રતિવાદીએ વાદી કંપનીની ડીલરશીપ છોડી દીધેલ છે અને માલનું વેચાણ બંધ કરેલ છે.તેમજ આમ કરતા પહેલા વાદી કંપનીની કોઈ સંમતિ મેળવેલ નથી.તેમજ પ્રતિવાદીએ વાદી કંપનીની ડીલરશીપ છોડયા તે સમયગાળામાં વાદી કંપની દ્વારા પ્રતિવાદીના એકાઉન્ટમાં એડવાન્સ કમિશનની રકમ તરીકે ચુકવેલ હતી. તે લેણા પરત લેવાના બાકી રહે છે.વાદી કંપનીને પ્રતિવાદીએ આપવામાં આવેલ વચન અને વિશ્વાસ મુજબ પ્રતિવાદીએ રૂા.૪૩,૦૦,૦૦૦/– નો વેપારનો ટાર્ગેટ પુરો કરવાનો હતો અને તે રકમ ઉપર વાદી કંપનીએ પ્રતિવાદીને એડવાન્સમાં કમિશનની રકમ ચુકવેલ હતી પરંતુ આ કામના પ્રતિવાદીએ કયારેય રૂા. ૪૩,૦૦,૦૦૦/– ની રકમનું સેલ્સ કરેલ નથી અને આમ, વાદી કંપની આ કામના પ્રતિવાદી પાસે રકમ રૂા. ૪,૦૭,૮૪૬/– ની એડવાન્સ કમિશનની રકમ લેણી પરત લેવાની બાકી નીકળે છે. આ કામના પ્રતિવાદી વાદી કંપની પાસેથી સમયાંતરે અલગઅગલ નમકીનની ઓર્ડર મુજબ ખરીદી કરતા અને જે ખરીદી અંગે આ કામના પ્રતિવાદી સમયાંતરે વાદી કંપનીને ઓર્ડર મુજબ રકમ ભરપાઈ કરતા હતાં.જેથી આ કામના પ્રતિવાદીનું ખાતુ વાદી કંપનીના બુકસ ઓફ એકાઉન્ટસમાં રાખવામાં આવેલ છે. સદરહું ખાતા મુજબ વાદી કંપનીના આ કામના પ્રતિવાદીઓ પાસેથી કુલ રૂા. ૪,૦૭,૮૪૬/– (અંકે રકમ રૂપીયા ચાર લાખ સાત હજાર આઠસો છેતાલીસ પુરા) કાયદેસરના બાકી લેણા નીકળે છે. પ્રતિવાદીનું વાદી કંપનીના બુકસ ઓફ એકાઉન્ટસમાં રાખવામાં આવેલ ખાતાનો કોમ્પ્યુટર રાઈઝડ ઉતારાની નકલ દસ્તાવેજી પુરાવા લીસ્ટ થી આ સાથે રજુ રાખેલ છે.વાદી કંપનીએ પ્રતિવાદીને આપેલ માલ અંગેના અસલ ઈન્વોઈસ બીલ પ્રતિવાદીના કબજા અને હવાલામાં છે.તદઉપરાંત આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીને એડવાન્સ કમિશનના ઈનવોઈસ બીલ

આપેલ હોવાનુ જણાવેલ છે વાદી કંપનીએ પ્રતિવાદીને ઉપરોકત બાકી લેણી રકમ ચુકવવા અનેક વખત જણાવેલ તેમ છતાં આ કામના પ્રતિવાદીએ ઉપરોકત રકમ ન ચુકવતા વાદી કંપનીએ એડવોકેટ શ્રી જી.આર.ઠાકર રાજકોટ મારફત આ કામના પ્રતિવાદીને તા.૦૬/૦૬/૨૦૨૪ ના રોજ રજી.એ.ડી. મારફત લીગલ નોટીસ આપેલ.લીગલ નોટીસ આ કામના પ્રતિવાદીને ધોરણસર રીતે બજી ગયા બાદ આ કામના પ્રતિવાદીએ તા.૨૬/૦૬/૨૦૨૪ ના રોજ લીગલ નોટીસનો જવાબ પાઠવેલ છે.જેમા પ્રતિવાદીએ દરેક બાબત કબુલ કરેલ છે પરંતુ અમો વાદીની રકમ આપવી ન પડે તે વાસ્તે ખોટો અને લુલો બચાવ ઉભો કરી એવી તકરાર ઉઠાવેલ હોવાનુ જણાવેલ છે.વધુમાં,પ્રતિવાદીએ રકમ રૂા.૯૧,૬૮૭/- નો માલ ઓર્ડર કરેલ હતો. જે પ્રતિવાદીના તાત્કાલીક ડીલરશીપ કેન્સલ કરવાના નિર્ણયના કારણે અમો વાદી કંપનીએ પ્રતિવાદીને મોકલેલ નથી.જે રકમ રૂા.૯૧,૬૮૭/- વાદી કંપનીએ આ કામના પ્રતિવાદીને બુકસ ઓફ એકાઉન્ટના લેઝર માં જ ક્રેડીટ આપેલ હોય, તે રકમ સેટઓફ કરેલ છે.તેમજ વાદી પાસે પ્રતિવાદીની ડીપોઝીટ તરીકે ભરેલ રકમ રૂા. ૧,૦૦,૦૦૦/- જમા છે.તદઉપરાંત આ કામના પ્રતિવાદીને રકમ રૂા. ૫,૯૯,૫૩૩/- (અંકે રકમ રૂપીયા પાંચ લાખ નવાણું હજાર પાંચસો તેત્રીસ પુરા) કમિશનની લેણી રકમ વસુલ મેળવવા માટે વાદી કંપની દ્વારા લીગલ નોટીસ આપેલ હતી. જે રકમ રૂા.૫,૯૯,૫૩૩/- માંથી પ્રતિવાદીએ વાદી કંપનીને નમકીનના છેલ્લા આપેલ ઓર્ડરના રકમ રૂા.૯૧,૬૮૭/- અને ડીપોઝીટ તરીકે ભરેલ રકમ રૂા.૧,૦૦,૦૦૦/- ની રકમ રૂા.૫,૯૯,૫૩૩/- માંથી બાદ આપતા આ કામના પ્રતિવાદી પાસે થી હવે વાદી કંપનીને રકમ રૂા.૪,૦૭,૮૪૬/- (અંકે રકમ રૂપીયા ચાર લાખ સાત હજાર આઠસો છેતાલીસ પુરા) કાયદેસરના લેવાના બાકી રહતા હોવાનુ જણાવેલ છે.જે રકમ વાદી કંપનીને ઉપરોકત બાકી રહેતી લેણી રકમ ચુકવી આપવા પ્રતિવાદીએ દરકાર કરેલ નથી.જેથી આ કામનાં પ્રતિવાદીને વાદી કંપનીની ઉપરોકત બાકી લેણી રકમ ચુકવી આપવા અનેક વખત જણાવવા છતાં અને છેલ્લે તા.૦૬/૦૬/૨૦૨૪ ના રોજ લીગલ નોટીસ પાઠવેલ જે લીગલ નોટીસ પ્રતિવાદીને ધોરણસર રીતે મળી ગયેલ હોય અને તે નોટીસનો પ્રતિવાદીએ તેમના એડવોકેટ દીપકભાઈ વાઘેલા મારફત તા.૨૬/૦૬/૨૦૨૪ ના રોજ જવાબ આપ્યો પરંતુ પ્રતિવાદીએ વાદી કંપનીની બાકી રહેતી લેણી રકમ આજદીન વસુલ ન આપતા દાવાનું કારણ ઉત્પન્ન થયેલ હોવાનુ જણાવેલ છે.જેથી હાલનો દાવો લાવી વાદી કંપનીની તમામ વ્યવહારના અંતે બાકી લેણી રકમ રૂા.૪,૦૭,૮૪૬/- પ્રતિવાદી પાસે બાકી લેણી રહે છે તેવુ ઠરાવવા તથા પ્રતિવાદીની જાત મિકલતથી વસુલ થાય તેવુ હુકમનામુ વાદીની તરફેણમાં કરી આપવા તથા ૧૮ ટકા વ્યાજ સહીત પ્રતિવાદી પાસેથી અપાવવા હાલનો દાવો કરેલ છે.

(૨) વાદીની દાવા અરજી રજીસ્ટરે લઈ મારા પુરોગામી ન્યાયાધિશશ્રીએ પ્રતિવાદીને દાવાનો સમન્સ કાઢવામાં આવતા પ્રતિવાદી જાતે કોર્ટ રૂબરુ હાજર થયેલ અને વાદીની દાવા અરજીનો આંક: ૭ થી લેખિત જવાબ રજૂ કરેલ છે. જેમાં વાદીની દાવા અરજી ની હકીકતોનો ઈનકાર કરેલ છે તથા વાદીની દાવા અરજી ખર્ચ સહિત રદ કરવા જણાવેલ છે.

(૩) વાદી તથા પ્રતિવાદી વચ્ચેની તકરાર ધ્યાને લઈ મારા પુરોગામી ન્યાયાધિશશ્રીએ આંક:૮ થી નીચે મુજબના મુદા ઉપસ્થીત કરેલ છે.

-:મુદાઓ:-

(૧) શું વાદી પુરવાર કરે છે કે,પ્રતિવાદીને વાદી કંપનીએ ડીલરશીપ આપેલ હતી ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે,પ્રતિવાદીને વાદી કંપનીએ રૂા.૪૩,૦૦,૦૦૦/- ની રકમ ઉપર કમીશન પેટે એડવાન્સ રકમ રૂા.૫,૯૯,૫૩૩/- ચુકવેલ હતી ?

(૩) શું વાદી દાવા અરજીના પેરા-૧૦ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે ?

(૫) શું હુકમ અને શું હુકમનામુ ?

(૪) ઉપરોકત મુદાઓના મારા જવાબો નીચે મુજબ છે.

(૧)હકારમાં

(૨)નકારમાં

(૩)નકારમાં

(૪)નકારમાં

(૫)આખરી હુકમ મુજબ

(૫) વાદી તર્ફે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

મૌખીક પુરાવો

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | વાદી પ્રતિક ચંદુભાઈ સોજીત્રા ની સરતપાસનુ સોગંદનામુ | ૧૨ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | વાદીદ કંપનીના રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર ની ઓનલાઈન પ્રીન્ટ નકલ | ૧૪ |
| ૨ | વાદી કંપની ધ્વારા પસાર કરેલ રીઝોલ્યુશન અસલ | ૧૫ |
| ૩ | ઓથોરીટી લેટર | ૧૬ |
| ૪ | ડીલરશીપ એગ્રીમેન્ટની જેરોક્ષ નકલ | ૧૭ |

| | | |
|---|---|---|
| ૫ | બુકસ ઓફ એકાઉન્ટસ તા.૦૧–૦૪–૨૩ થી તા.૧૭–૦૫–૨૪ | ૧૮ |
| ૬ | એકાઉન્ટ ખરાઇ અંગેનુ સર્ટીફીકેટ | ૧૯ |
| ૭ | પ્રતિવાદીને તા.૦૬–૦૬–૨૪ ની નકલ | ૨૦ |
| ૮ | પ્રતિવાદીએ તા.૨૬–૦૬–૨૪ ના રોજ આપેલ જવાબ | ૨૧ |
| ૯ | નોન સ્ટાટર્સ રીપોર્ટ | ૨૨ |
| ૧૦ | પ્રતિક ચંદુભાઇ સોજીત્રાનુ આધાર કાર્ડની નકલ | ૨૩ |
| ૧૧ | ઇનવોઇસ સી–૧ ની નકલ | ૨૪ |
| ૧૨ | ઇનવોઇસ સી–૨ ની નકલ | ૨૫ |
| ૧૩ | ઇનવોઇસ સી–૩ ની નકલ | ૨૬ |
| ૧૪ | ઇનવોઇસ સી–૪ ની નકલ | ૨૭ |
| ૧૫ | ઇનવોઇસ સી–૫ ની નકલ | ૨૮ |
| ૧૬ | ઇનવોઇસ સી–૬ ની નકલ | ૨૯ |
| ૧૭ | ઇનવોઇસ સી–૭ ની નકલ | ૩૦ |

(૬) વાદી તર્ફે વધુ કોઇ પુરાવા રજુ કરેલ નથી.વાદી તર્ફે આંક:૩૨ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે.

(૭) પ્રતિવાદી તર્ફે નીચે મુજબનો મૌખીક પુરાવો રજુ કરેલ છે.

મૌખીક પુરાવો

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી વાસુદેવભાઇ રઘુભાઇ મઢવી ની સરતપાસનુ સોગંદનામુ | ૩૩ |

(૭) પ્રતિવાદી તર્ફે વધુ કોઇ મૌખીક કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.પ્રતિવાદી તર્ફે આંક:૩૫ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે.

(૮) વાદી તર્ફે આંક:૩૭ થી લેખીત દલીલ રજુ કરેલ છે.

(૯) પ્રતિવાદી તર્ફે આંક:૩૮ થી લેખીત દલીલ રજુ કરેલ છે.જે વંચાણે લીધી.

(૧૦) ઉપરોકત પેરા–૪ માં જણાવેલ મુદાના જવાબોના મારા કારણો નીચે મુજબ છે.

**–: કા ર ણો :–**

**મુદ્દા નંબર ૧ થી ૪ ના જવાબના સંયુકત કારણો :–**

આ કામના વાદી દાવો લઈને આવેલ હોય ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઈઓ મુજબ દાવાની હકીકતો પુરવાર કરવાની જવાબદારી વાદીના શીરે રહેલ છે.નામદાર સુપ્રિમ કોર્ટે અનીલ રીશી વી.ગુરૂબક્ષ સીંગ ના ચુકાદામાં ઠરાવલ છે કે, "19. There is another aspect of the matter which should be borne in mind. A distinction exists between burden of proof and onus of proof. The right to begin follows onus probandi. It assumes importance in the early stage of a case. The question of onus of proof has greater force, where the question is, which party is to begin. Burden of proof is used in three ways: (i) to indicate the duty of bringing forward evidence in support of a proposition at the beginning or later; (ii) to make that of establishing a proposition as against all counter-evidence; and (iii) an indiscriminate use in which it may mean either or both of the others. The elementary rule in Section 101 is inflexible. In terms of Section 102 the initial onus is always on the plaintiff and if he discharges that onus and makes out a case which entitles him to a relief, the onus shifts to the defendant to prove those circumstances, if any, which would disentitle the plaintiff to the same.

આ કામના વાદી પ્રતિક ચંદુભાઈ સોજીત્રાનો આંક:૧૨ થી મૌખીક પુરાવો રજુ કરેલ છે.જેમાં દાવા અરજીની હકીકતોને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ છે.તેમજ વાદી કંપની ફ્રાઈમ્સ અને નમકીન બનાવી વેચવાનો વ્યવસાય કરતા હોવાનુ તથા આ કામના પ્રતિવાદીએ વાદી કંપની પાસેથી ડીલરશીપ મેળવેલ ત્યાર થી અલગ અલગ પ્રકારના નમકીન ખરીદતા હતા.આ કામના પ્રતિવાદી ચામુંડા સેલ્સ ના પ્રોપરાઈટર હોવાનુ અને પ્રતિવાદીએ ડીલરશીપ મેળવેલ હતી અને ત્યારે વાદી કંપનીને પ્રતિવાદી દ્વારા એવું પાકુ વચન અને વિશ્વાસ આપેલ હતો કે, 'હું દર મહીને રૂા.૪૩,૦૦,૦૦૦/- નું સેલ્સ કરીશ અને તે રકમ ઉપર તમે મને કમિશનની રકમ ચુકવશો.' જેથી પ્રતિવાદીના વચન અને વિશ્વાસ થી પ્રેરાઈ જઈને વાદી કંપનીએ પ્રતિવાદીને રકમ રૂા.૪૩,૦૦,૦૦૦/- ની રકમ ઉપર એડવાન્સ કમિશન ચુકવેલ હોવાનુ જણાવેલ છે.પ્રતિવાદીએ વાદી કંપનીની ડીલરશીપ છોડી દીધેલ છે અને માલનું વેચાણ બંધ કરેલ છે.તેમજ આમ કરતા પહેલા વાદી કંપનીની કોઈ સંમતિ મેળવેલ નથી.તેમજ પ્રતિવાદીએ વાદી કંપનીની ડીલરશીપ છોડયા તે સમયગાળામાં વાદી કંપની દ્વારા પ્રતિવાદીના એકાઉન્ટમાં એડવાન્સ કમિશનની રકમ તરીકે ચુકવેલ હતી. તે લેણા પરત લેવાના બાકી રહે છે.વાદી કંપનીને પ્રતિવાદીએ આપવામાં આવેલ વચન અને વિશ્વાસ મુજબ પ્રતિવાદીએ રૂા.૪૩,૦૦,૦૦૦/- નો વેપારનો ટાર્ગેટ પુરો કરવાનો હતો અને તે રકમ ઉપર વાદી કંપનીએ પ્રતિવાદીને એડવાન્સમાં કમિશનની રકમ ચુકવેલ હોય પ્રતિવાદી પાસે રકમ રૂા. ૪,૦૭,૮૪૬/- ની એડવાન્સ

કમિશનની રકમ લેણી પરત લેવાની બાકી નીકળે છે. આ કામના પ્રતિવાદી વાદી કંપની પાસેથી સમયાંતરે અલગઅગલ નમકીનની ઓર્ડર મુજબ ખરીદી કરતા અને જે ખરીદી અંગે આ કામના પ્રતિવાદી સમયાંતરે વાદી કંપનીને ઓર્ડર મુજબ રકમ ભરપાઈ કરતા હતાં.જેથી આ કામના પ્રતિવાદીનું ખાતુ વાદી કંપનીના બુકસ ઓફ એકાઉન્ટસમાં રાખવામાં આવેલ છે. સદરહું ખાતા મુજબ વાદી કંપનીના આ કામના પ્રતિવાદીઓ પાસેથી કુલ રૂા. ૪,૦૭,૮૪૬/– (અંકે રકમ રૂપીયા ચાર લાખ સાત હજાર આઠસો છેતાલીસ પુરા) કાયદેસરના બાકી લેણા નીકળતા હોવાનુ અને આ કામના પ્રતિવાદીને તા.૦૬/૦૬/૨૦૨૪ ના રોજ રજી.એ.ડી. મારફત લીગલ નોટીસ આપેલ.જેનો આ કામના પ્રતિવાદીએ તા.૨૬/૦૬/૨૦૨૪ ના રોજ લીગલ નોટીસનો જવાબ પાઠવેલ હોવાનુ જણાવેલ છે.વધુમાં,પ્રતિવાદીએ રકમ રૂા.૯૧,૬૮૭/– નો માલ ઓર્ડર કરેલ હતો. જે પ્રતિવાદીના તાત્કાલીક ડીલરશીપ કેન્સલ કરવાના નિર્ણયના કારણે અમો વાદી કંપનીએ પ્રતિવાદીને મોકલેલ નથી.જે રકમ રૂા.૯૧,૬૮૭/– વાદી કંપનીએ આ કામના પ્રતિવાદીને બુકસ ઓફ એકાઉન્ટના લેઝર માં જ ક્રેડીટ આપેલ હોય, તે રકમ સેટઓફ કરેલ છે.તેમજ વાદી પાસે પ્રતિવાદીની ડીપોઝીટ તરીકે ભરેલ રકમ રૂા. ૧,૦૦,૦૦૦/– જમા છે.તદઉપરાંત આ કામના પ્રતિવાદીને રકમ રૂા. ૫,૯૯,૫૩૩/– (અંકે રકમ રૂપીયા પાંચ લાખ નવાણું હજાર પાંચસો તેત્રીસ પુરા) કમિશનની લેણી રકમ વસુલ મેળવવા માટે વાદી કંપની દ્વારા લીગલ નોટીસ આપેલ હતી. જે રકમ રૂા.૫,૯૯,૫૩૩/– માંથી પ્રતિવાદીએ વાદી કંપનીને નમકીનના છેલ્લા આપેલ ઓર્ડરના રકમ રૂા.૯૧,૬૮૭/– અને ડીપોઝીટ તરીકે ભરેલ રકમ રૂા.૧,૦૦,૦૦૦/– ની રકમ રૂા.૫,૯૯,૫૩૩/– માંથી બાદ આપતા આ કામના પ્રતિવાદી પાસે થી હવે વાદી કંપનીને રકમ રૂા.૪,૦૭,૮૪૬/– (અંકે રકમ રૂપીયા ચાર લાખ સાત હજાર આઠસો છેતાલીસ પુરા) કાયદેસરના લેવાના બાકી રહતા હોવાનુ જણાવેલ છે.જે રકમ વાદી કંપનીને ઉપરોકત બાકી રહેતી લેણી રકમ ચુકવી આપવા પ્રતિવાદીએ દરકાર કરેલ નથી.જેથી આ કામનાં પ્રતિવાદીને વાદી કંપનીની ઉપરોકત બાકી લેણી રકમ ચુકવી આપવા અનેક વખત જણાવવા છતાં અને છેલ્લે તા.૦૬/૦૬/૨૦૨૪ ના રોજ લીગલ નોટીસ પાઠવેલ હોવા છતા રકમ ચુકવી આપેલ ન હોય દાવો કરેલાનુ જણાવેલ છે.

આ કામના પ્રતિવાદી તર્ફેનો ઉલટ તપાસનો પુરાવો જોતા સ્વીકાર કરેલ છે કે,દાવા અરજી માં ડીલરશીપ કયારે આપેલ તે તારીખ લખેલી નથી.દાવા અરજી માં કઈ તારીખ થી કઈ તારીખ સુધીના બાકી લેણા છે તે જણાવેલ નથી.દાવાઅરજી માં ઈનવોઈસ બીલ નંબર કે તેની તારીખ જણાવેલ નથી.આંક–૧૭ માં પ્રતિવાદીની કોઈ સહી નથી.આંક–૨૪ થી આંક–૩૦ ના ઈનવોઈસ માં સહી સીકકા નથી.નોટીસ, દાવા અરજી અને સરતપાસ માં આંક–૨૪ થી આંક–

૩૦ ના બીલોની કોઈ ડીટેઈલ રકમ અને તારીખ જણાવેલ નથી.આંક–૨૪ થી આંક–૩૦ ના દસ્તાવેજો બાબતે પુરાવા અધિનીયમ ની કલમ ૬૫(બી) નું સર્ટીફીકેટ રજુ કરેલ નથી.આંક–૧૨ ના સરતપાસ માં પેરા નં.(૩) માં જણાવેલ વાદીએ પ્રતિવાદીને રૂા.૪૩,૦૦,૦૦૦/– ની રકમ ઉપર મે–૨૦૨૩ થી ડીસેમ્બર–૨૦૨૩ સુધી ના સમય નું એડવાન્સ કમીશન ચુકવેલ હતુ તે અંગેનો કોઈ ઈનવોઈસ બીલ અમો એ આ કામ માં રજુ કરેલ નથી.મને આંક–૧૮ બતાવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તા.૦૧/૦૩/૨૦૨૩ થી તા.૧૦/૦૪/૨૦૨૪ સુધીનું લેજર છે.દાવાઅરજી માં કે સરતપાસ માં આંક–૧૭ ના જે લેજર રજુ કરેલ છે તેની તારીખ તા.૦૧/૦૩/૨૦૨૩ થી તા.૧૦/૦૪/૨૦૨૪ દર્શાવેલ નથી.

પ્રતિવાદી વાસુદેવભાઇ રધુભાઇ મઢવી નાઓએ આંક:૩૩ થી મૌખીક પુરાવો રજુ કરેલ છે.જેમાં વાદીના મૌખીક પુરાવાનો ઇનકાર કરેલ છે.તેમજ જણાવેલ છે કે,પ્રતિવાદી ભચાઉ ડીસ્ટ્રીકટ મધ્યે ગોપાલનુ ડીલરશીપ નુ કામ સંભાળતા હતા તે દરમ્યાન અમો પ્રતિવાદી અને આ કામના વાદી કંપની ના સેસ્લમેન કિશનભાઈ પઢારીયા એ અમો પ્રતિવાદીને વાદી કંપનીના ભચાઉ તાલુકાના ૫૦૦ કસ્ટમર હેન્ડલ કરવાનુ કામ વાદી કંપની તરફથી તેના સદરહુ સેલ્સમેન કીશનભાઈ પઢારીયાએ અમોને ભચાઉ મુકામે ઓફર આપેલી, ત્યારબાદ પ્રતિવાદી અને વાદી વચ્ચે થયેલ મીટીંગ અનુસાર અમો પ્રતિવાદીએ વાદી કંપનીને જણાવેલ કે અમો પ્રતિવાદીને આ કામ લેવુ પરવડે તેમ ન હોય કારણ કે અમો પ્રતિવાદીને દુકાન ભાડા, ગોડાઉન ભાડુ, માણસોના પગાર, સેલ્સમેન સેલેરી, લાટ બીલ, ડીલીવરી ખર્ચે, વાહન ના પેટ્રોલ– ડીઝલ, ઈલેકટ્રક બીલો, તેમજ અન્ય ખર્ચોઓ ભારે પડે તેમ હોવાનુ અને વાદી કંપની ગોકુલનુ નવુ કામ હોય રૂા.૪૫ લાખનુ માસીક વેપાર થાય તો જ આ કામ પરવડે તેમ હોય જેથી કામ પરવડે તેમ નથી તેમ અમો પ્રતિવાદી તરફથી વાદી કંપનીને જણાવવામા આવેલ, ત્યારબાદ વાદી કંપની તરફથી અમોને એમ જણાવવામાં આવેલ કે આ ડીલરશીપ લેવામા અમો પ્રતિવાદીને જે ઉપરોકત ખર્ચોઓ અમો પ્રતિવાદીને ભવિષ્યમા થશે તેના બદલામા વાદી કંપની તરફથી અમો પ્રતિવાદીને વાદી કંપની તરફથી માસીક કમીશન અને મહેનતાણાની રકમ ચુકવવામા આવશે તેવુ વાદી કંપની તરફથી અમોને જણાવવામા આવેલ, જે અંગે આ કામના વાદી કંપની સંપુર્ણ રીતે જાણકાર અને માહીતગાર છે પરંતુ આ અન્વયે કોઈ લેખીત લખાણ વાદી કંપની અને અમો પ્રતિવાદી વચ્ચે થયેલ નહી, આમ ઉપરોકત રીતે આ કામના વાદી એડવાન્સ કમીશનની રકમ જે ગણાવે છે તે હકીકતમા એડવાન્સ કમીશનની રકમ છે જ નહી પરંતુ ખરી હકીકતે વાદી કંપની તરફથી અમોને એમ જણાવવામા આવેલ કે આ ડીલરશીપ લેવામા અમો પ્રતિવાદીને જે ઉપરોકત ખર્ચોઓ અમો પ્રતિવાદીને ભવિષ્યમા થશે તેના બદલામા વાદી કંપની તરફથી અમો

પ્રતિવાદીને વાદી કંપની તરફથી માસીક કમીશન અને મહેનતાણાની રકમ ચુકવવામા આવશે તેવુ વાદી કંપની તરફથી અમોને જણાવવામા આવેલ, ત્યારબાદ આ કામના વાદી કંપની અમો પ્રતિવાદી પાસે ૫૦૦ કસ્ટમર હેન્ડલ કરવાના બદલે અમો પ્રતિવાદી પાસેથી ૧૨૦૦ કસ્ટમર હેન્ડલ કરવાનુ કામ વાદી કંપની અમો પ્રતિવાદી પાસેથી લઈ રહેલ હતી, ત્યારબાદ જે અન્વયે અમો પ્રતિવાદી તરફથી વાદી કંપનીની રાજકોટ મુકામેની હેડ ઓફીસમા પ્રફુલ સાહેબ જોડે અમો પ્રતિવાદી ને વાતચીત થયેલી અને મીટીંગ થયેલ અને તે મીટીંગમા પણ અમો પ્રતિવાદીએ વધુ કસ્ટમરો લેવા અંગે અને આજ દીન સુધી અમો પ્રતિવાદીનો માલ સ્ટોક કલીયર ન કરાવવાથી અમો પ્રતિવાદીને કુલ રૂ.૪,૦૦,૦૦૦-૦૦ અંકે રૂપિયા ચાર લાખની રકમના માલનુ વેસ્ટેજ થયેલ અને તેનુ અમો પ્રતિવાદીને નુકશાન પણ થયેલ જે સઘળી હકીકત અમો પ્રતિવાદી તરફથી વાદી કંપનીની રાજકોટ હેડ ઓફીસે શ્રી પ્રફુલ સાહેબ અને કંપનીના હેડ ઓફીસ ના સ્ટાફ કે કંપનીના સેલ્સમેન વિગેરે દવારા અમો પ્રતિવાદીની સઘળી રજુઆતો કે અમોને થયેલ નુકશાન સંબંધે કોઈ સોલ્યુશન કરવામા નહી આવતા અમો પ્રતિવાદીએ વાદી કંપનીના સેલ્સમેન કીશનભાઈ પઢારિયા ને જાણ કરેલ આમ છતા તેઓ તરફથી કોઈ નીરાકરણ કે સોલ્યુશન નહી કરતા છેવટે ના છુટકે અમો પ્રતિવાદીએ તા.૦૧-૧૨-૨૦૨૩ ના રોજ અમો પ્રતિવાદીએ આ કામના વાદી કંપનીના સેલ્સમેન કીશનભાઈ પઢારીયા ને સદરહુ ડીલરશીપ છોડવા અંગેની મૌખિક જાણ કરેલ, તેમજ અમો પ્રતિવાદી એ વાદી કંપનીના રુલ્સ મુજબ ડીલરશીપ મેળવેલ ત્યારે ડીપોઝીટ પેટે ભરેલ રકમ રૂ.૧,૦૦,૦૦૦ ૦૦ અંકે રૂપીયા એક લાખ પુરાની લેણી રકમ તથા અમો પ્રતિવાદીને રૂ.૪,૦૦,000-00 અંકે રૂપીયા ચાર લાખની રકમના માલનુ વેસ્ટેજ અને નુકશાન થયેલ તે રકમનુ તથા અન્ય ખર્ચ ની રકમ રૂ.૯૧,૬૮૭/- ની રકમ અમો પ્રતિંવાદી ના આ કામના વાદી ક પની પાસેથી બાકી લેણાની નીકળતા હોવા નુ જણાવેલ છે. પ્રતિવાદીના આ કામના વાદી પાસેથી બાકી લેણા નીકળતા હોય તે રકમ વાદી કંપની તરફથી ચુકવવી ન પડે તેટલા માટે આ કામના વાદી તરફથી અમોને ખોટી અને બોગસ તથા ગેરકાયદેસરની નોટીસ આપી અને ખોટા અને બનાવટી હીસાબો ઉભા કરી આ કામના વાદી તેઓ દાવા અરજીમા જણાવે છે તેવી કે કોઈ જ રકમ અમો પ્રતિવાદી પાસે માંગવા કે મેળવવા કાયદેસર રીતે હકકદાર નહી હોવા છતા આ કામના વાદી કંપની તરફથી અમારા પાસેથી ગેરકાયદેસર રીતે મોટો અને ગેરકાયદેસરનો આર્થિક લાભ મેળવવાના બદ આશયથી ખોટો દાવો કરેલાનુ જણાવેલ છે.

પ્રતિવાદીની વાદી તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે,આ કામ માં દસ્તાવેજી પુરાવો રજુ કરેલો નથી.વાદી એ દાવો કરતા પહેલા મને નોટીસ આપેલી. મને આંક-૨૦ વાળી

નોટીસ બતાવામાં આવે છે જે તે જ છે.જે નોટીસ નો જવાબ આંક-૨૧ થી આપેલો છે.વાદી કંપની માંથી ડીલર શીપ મેળવેલી ત્યારે ફુડ એન્ડ ડ્રગ્સ નું લાયસન્સ, જી.એસ.ટી. સર્ટીફીકેટ, પાનકાર્ડ, આધાર કાર્ડ તથા કેન્સલ ચેક આપેલો.વાદી પાસેથી ડીલરશીપ લીધેલ ત્યારે રૂા.૧,૦૦,૦૦૦/- ડીપોઝીટ પેટે આપેલા છે.ત્યારબાદ મે રૂા.૯૧,૬૮૭/- માલ મેળવવા એડવાન્સ આપેલા.મને આંક-૨૪ બતાવામાં આવે છે જે જોઇને કહુ છુ કે જે કમીશન નું ટેક્ષ ઇનવોઇસ છે જેમાં જી.એસ.ટી. નંબર છે તે મારી પેઢી ચામુંડા સેલ્સ નું નામ છે. ટેક્ષ ઇનવોઇસ કોમ્પ્યુટર માં જનરેટ કરેલા છે. આ ટેક્ષ ઇનવોઇસ માં જી.એસ.ટી. નંબર દર્શાવેલો છે અને કમીશન કમ સેલ્સ નું હેડીંગ છે તેમજ કમીશન ઉપર સેન્ટ્રલ જી.એસ.ટી. અને સ્ટેટ જી.એસ.ટી. ચઢાવેલ છે.હુ જી.એસ.ટી. સરકાર માં નિયમીત ભરુ છું. તા.૦૫-૦૧-૨૦૨૪ નું જી.એસ.ટી. મે ભરી દીધેલ છે.વાદી કંપની ને ડીલરશીપ કેન્સલ કરવા જાણ કરેલી.વાદી સાથે ડીલરશીપ કેન્સલ કર્યા બાદ ગોપાલ નમકીન ની ડીલરશીપ ધરાવુ છું.સાહેદ ખુલાસો કરી જણાવેલ છે કે અગાઉ પણ ગોપાલ નમકીનની ડીલરશીપ ધરાવતો હતો.તા.૦૬-૦૬-૨૦૨૪ ના રોજ વાદી એ નોટીસ મોકલી તે અગાઉ મે વાદી ને કોઇપણ પ્રકારની નોટીસ મોકલાવેલ નથી.સરતપાસ ના પેરા (૧૧) માં જે જણાવેલ છે તે અંગેના કોઇ દસ્તાવેજ રજુ કરેલ નથી.

જેથી વાદી તથા પ્રતિવાદી તર્ફે રજુ કરેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન કરતા આ કામના વાદી કંપનીએ પ્રતિવાદીને વાદી કંપનીની ડીલરશીપ આપેલ હતી તે બાબતે કોઇ તકરાર ન હોય તેની વધુ કોઇ ચર્ચા કરવી જરૂરી નથી.આ કામના વાદીના પુરાવામાં વાદી કંપનીએ પ્રતિવાદીને રકમ રૂા.૪૩,૦૦,૦૦૦/- ની રકમ ઉપર એડવાન્સ કમિશન ચુકવેલ હોવાનુ જણાવેલ છે.પ્રતિવાદીએ વાદી કંપનીની ડીલરશીપ છોડી દીધેલ હોય વાદી કંપનીએ પ્રતિવાદીને એડવાન્સમાં કમિશનની રકમ ચુકવેલ હોય પ્રતિવાદી પાસે રકમ રૂા. ૪,૦૭,૮૪૬/- ની એડવાન્સ કમિશનની રકમ લેણી પરત લેવાની બાકી નીકળતા હોવાનુ જણાવેલ છે.તેમજ વાદી પાસે પ્રતિવાદીની ડીપોઝીટ તરીકે ભરેલ રકમ રૂા. ૧,૦૦,૦૦૦/- જમા છે.તદઉપરાંત આ કામના પ્રતિવાદીને રકમ રૂા. ૫,૯૯,૫૩૩/- (અંકે રકમ રૂપીયા પાંચ લાખ નવાણું હજાર પાંચસો તેત્રીસ પુરા) કમિશનની લેણી રકમ વસુલ મેળવવા માટે વાદી કંપની દ્વારા લીગલ નોટીસ આપેલ હતી. જે રકમ રૂા.૫,૯૯,૫૩૩/- માંથી પ્રતિવાદીએ વાદી કંપનીને નમકીનના છેલ્લા આપેલ ઓર્ડરના રકમ રૂા.૯૧,૬૮૭/- અને ડીપોઝીટ તરીકે ભરેલ રકમ રૂા.૧,૦૦,૦૦૦/- ની રકમ રૂા.૫,૯૯,૫૩૩/- માંથી બાદ આપતા આ કામના પ્રતિવાદી પાસે થી હવે વાદી કંપનીને રકમ રૂા.૪,૦૭,૮૪૬/- કાયદેસરના લેવાના બાકી રહતા હોવાનુ જણાવેલ છે.જે બાબતે વાદી કંપનીમાં પ્રતિવાદીનુ રાખવામાં આવેલ બુકસ ઓફ એકાઉન્ટ

આંક:૧૮ થી રજુ કરેલ છે.તેમજ એકાઉન્ટ ખરાઈ અંગે પુરાવા અધિનીયમની જોગવાઈ મુજબ ઈલેકટ્રોનીક પુરાવો હોય આંક:૧૯ થી સર્ટીફીકેટ રજુ કરેલ છે.જેથી આંક:૧૮ નુ સ્ટેટમેન્ટ પુરાવામાં ગ્રાહય છે.જે સ્ટેટમેન્ટ જોતા તા.૦૮/૦૧/૨૪ ના રોજ કલોઝિંગ બેલેન્સ જોતા ડેબીટના કોલમમાં રૂા.૨,૩૯,૦૩,૮૧૯/- રકમ હોવાનુ તથા ક્રેડીટના કોલમમાં રૂા.૨,૩૯,૯૫,૫૦૬/-જણાવેલ છે.તેમજ આ કામના પ્રતિવાદીએ તા.૦૬/૦૧/૨૦૨૪ ના રોજ રૂા.૨,૭૦,૦૦૦/- જમા કરાવેલ છે.ત્યારબાદ બાકી બેલેન્સ ની રકમ બેલેન્સના કોલમમાં જોતા ૦૬/૦૧/૨૪ ના રોજ રૂા.૧,૦૮,૧૮૦/-દર્શાવેલ છે.વાદીએ દાવા અરજીમાં આ કામના પ્રતિવાદીએ ડીપોઝીટ તરીકે ભરેલ રકમ રૂા.૧,૦૦,૦૦૦/- ની રકમ રૂા.૫,૯૯,૫૩૩/- માંથી બાદ આપતા આ કામના પ્રતિવાદી પાસે થી હવે વાદી કંપનીને રકમ રૂા.૪,૦૭,૮૪૬/- કાયદેસરના લેવાના બાકી રહતા હોવાનુ જણાવેલ છે.તેવી કોઈ રકમ વાદી તર્ફે રજુ કરેલ બુકસ ઓફ એકાઉન્ટ આંક:૧૮ થી રજુ કરેલ છે.તેમા જણાઈ આવતી નથી.તેમજ આ કામના વાદીએ તા.૦૬/૦૧/૨૦૨૪ ના રોજ રૂા.૨,૭૦,૦૦૦/- જમા કરાવેલ છે.તેવી હકીકત પણ વાદીના દાવા અરજીમાં તથા પુરાવામાં જણાવેલ નથી.તેમજ વાદી તર્ફેની નોટિસમાં જણાવેલ નથી.તેમજ વાદીની આંક:૧૨ ની ઉલટ તપાસમાં વાદીએ પ્રતિવાદીને રૂા.૪૩,૦૦,૦૦૦/- ની રકમ ઉપર મે-૨૦૨૩ થી ડીસેમ્બર-૨૦૨૩ સુધી માં એડવાન્સ કમીશન ચુકવેલ હોય તે અંગેનો કોઈ ઈનવોઈસ બીલ આ કામ માં રજુ કરેલ નથી તેવુ સ્વીકાર કરેલ છે.જેથી આ કામના વાદી કંપનીએ પ્રતિવાદીને રૂા.૪૩,૦૦,૦૦૦/- ની રકમ ઉપર રૂા.૫,૯૯,૫૩૩/- ની રકમ એડવાન્સ કમીશન ચુકવેલ હોય તેવુ પુરવાર કરેલ નથી.તેમજ આ કામના વાદી તર્ફે દાવા અરજીમાં માંગેલ રકમ બાબતે સ્પષ્તા કરેલ નથી.જેથી આંક:૧૮ ના સ્ટેટમેન્ટ મુજબ વાદી કંપનીને કેવી રીતે આ કામના પ્રતિવાદી પાસે રૂા.૪,૦૭,૮૪૬/- કાયદેસરના લેવાના બાકી લેણા નીકળે છે તેવુ જણાઇ આવતુ નથી.જેથી વાદી તર્ફે મુદદા નં.૧ ની હકીકત પુરવાર કરેલ ન હોય મુદદા નં.૧ નો જવાબ હકારમાં આપુ છુ.તેમજ મુદદા નં.ર તથા ૩ નો જવાબ નકારમાં આપુ છુ.જેથી વાદી દાવા અરજીમાં જણાવેલ માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર ન હોય મુદદા નં.૪ નો જવાબ નકારમાં આપી મુદદા નં.૫ નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**::હુ ક મ ::**

(૧)વાદીનો દાવો આથી નામંજુર કરવામાં આવે છે.

(૨)દાવાનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩)હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ તા.૩૦ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:વાંકાનેર.

(વિરેન્દ્રસીહ શનાભાઇ ઠાકોર)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
જજ કોડ જી.જે.૦૧૨૨૪